## જાહેરનામું

### પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૬/૨૦૨૬, તા.૭/૮/૨૦૨૬

હું, અનુપમ સિંહ ગહલૌત, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આગામી તા.૧૧/૮/૨૦૨૬ ના રોજ રાયપુર દરવાજાથી સારંગપુર દરવાજા સુધી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં VIPs/VVIPs ઉપરાંત મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતી જનમેદની વચ્ચે વાહનોની અવર–જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :–**

અમદાવાદ શહેરમાં આગામી તા.૧૧/૮/૨૦૨૬ ના રોજ બીગ બજાર રાયપુર ખાતેથી રાયપુર દરવાજા થઈ છબીલા હનુમાન થઈ રાયપુર ચકલા થઈ દેસાઈની પોળ થઈ ખાડીયાગેટ ચાર રસ્તા થઈ સારંગપુર ચકલા થઈ સારંગપુર દરવાજા સુધી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવનાર હોય જે કાર્યક્રમ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | રાયપુર દરવાજાથી છબીલા હનુમાનથી ખાડીયા ગેટથી સારંગપુર ચકલાથી સારંગપુર દરવાજા સુધી. | પાંચકુવાથી ખાડીયા ચાર રસ્તાથી માણેકચોક સુધીનો રસ્તો. |
| ૨. | બાલા હનુમાનથી સારંગપુર ચકલા સુધી. | માણેક ચોકથી મદનગોપાલ હવેલી નાકા સુધી (ઢાળની પોળ બાજુમાં) |
| ૩. | ખાડીયા ચાર રસ્તાથી ખાડીયા ગેટ સુધીનો રસ્તો. | કાગડાપીઠ ટી થી કાંકરીયા થઈ ગીતામંદિર થઇ આસ્ટોડીયા દરવાજા સુધી. |
| ૪. | કાગડાપીઠ ટી થી રાયપુર દરવાજાથી આસ્ટોડીયા દરવાજા સુધી. | સારંગપુર તરફથી આવતો વાહન વ્યવહાર કાગડાપીઠ ટી થી વાણીજ્ય ભવનથી અણુવ્રત સર્કલથી કાંકરીયા થઈ ગીતામંદિર થઇ આસ્ટોડીયા દરવાજા સુધી. |
| ૫. | ભુત ની આંબલીથી કાગડાપીઠ તરફ જતો માર્ગ. | ગીતા મંદીર ચાર રસ્તાથી મજુરગામથી પારસી અગીયારી ત્રણ રસ્તાથી વાણીજય ભવનથી અણુવ્રત સર્કલથી અનુપમ બ્રીજ થી હાટકેશ્વર તરફ તથા ઝીરાફ સર્કલ સુધી. |
| ૬. | પારસી અગીયારી થી રાયપુર ચાર રસ્તા તરફ જતો માર્ગ. | અનુપમ બ્રીજથી આવતો વાહન વ્યવહાર અણુવ્રત સર્કલ થઇ કાંકરીયા ગેટ નં.૩ થી ફુટબોલ ગ્રાઉન્ડથી ભુલાભાઈ ચાર રસ્તાથી મજુર ગામ ચાર રસ્તાથી ગીતામંદીર ચાર રસ્તાથી લાલ દરવાજા તરફ જતો માર્ગ. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૧૧/૮/૨૦૨૬ ના કલાક ૧૪.૦૦ થી તિરંગા યાત્રા કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૭/૮/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૭/૮/૨૦૨૬
અમદાવાદ શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઇમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. ( E-mail : gogpress-vad@gujarat.gov.in )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઇન્ટે.) અમદાવાદ શહેર

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.